## જન્મદિને વધામણી



વિપુલ જોષી
પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૪૨૭૦ ૫૩૬૭૩



મહેન્દ્રભાઈ કે ચૌહાણ
મંત્રી
દંઢાવ્ય કેળવણી ટ્રસ્ટ
મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫

# માઉન્ટ કાર્મેલ શાળામાં વાર્ષિક રમતોત્સવ






માઉન્ટ કાર્મેલ શાળામાં શનિવારે વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ રમતોત્સવના મુખ્ય મહેમાન તરીકે સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, મિરઝાપુર અમદાવાદના પ્રિન્સિપાલ ફાધર ટાઈટસ ડિકોસ્ટા ઉપસ્થિત રહ્યા હતા. રમતોત્સવની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી, ત્યારબાદ ધોરણ ૧૦ ના પ્રેમા, નિર્મલા, શાંતિ અને સત્યા સ્કોડ્ના વિદ્યાર્થીઓએ માર્ચ પાસ્ટથી રમતોત્સવની શરૂઆત કરી હતી. વિદ્યાર્થી રમતગમત મંત્રીએ વિદ્યાર્થીઓને રમતોત્સવની ગરિમા જાળવવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. દરેક વર્ગના વિદ્યાર્થીઓએ અલગ અલગ કાર્યક્રમ રજૂ કર્યા હતા. મુખ્ય મહેમાન ફાધર ટાઈટસ ડિકોસ્ટાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યુ કે વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથે સાથે તંદુરસ્તીનું ધ્યાન રાખવું જોઈએ. વાલીઓને ઉદ્‌બોધીને કહ્યું કે, બાળકોને દરરોજ શાળામાં મોકલવા જોઈએ. તેમણે THREE "H" એટલે Head, Heart, Handનું મહત્વ પણ સૌ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું.

રમતોત્સવ અંતર્ગત ૫૦ મીટર, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર, નાના ભૂલકાંઓ માટે બસ રેસ, બ્રોડ જમ્પ જેવી રમતોની સ્પર્ધા યોજવામાં આવી હતી. માર્ચપાસ્ટ ટ્રોફી વિજેતા ગર્લ પ્રેમા સ્કોડ બન્યાં હતાં. જેમને સમગ્ર વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ ટ્રોફી પણ આપવામાં આવી હતી. શાળાનાં પી.ટી. શિક્ષકોની અથાગ મહેનત સાથે સાથે આચાર્યા સિસ્ટર જેનીફરનાં માર્ગદર્શન હેઠળ શાળાના તમામ શિક્ષકોની મહેનતથી શાળાનો વાર્ષિક રમતોત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૫૫મો મણકો ॥

આમાં આપણા આખા સમાજની વર્તણૂંક પણ જવાબદાર છે. શબ્દોની કિંમત - તે શબ્દ પાછળ જે તપ લાગ્યું છે તેને કારણે વધતી હોય છે અને શબ્દોની કિંમત - એ શબ્દો પાછળ જે પાપ ચોંટેલું હોય છે તેને કારણે ઘટતી હોય છે. એટલે કોઈકવાર આપણે સત્યાગ્રહ શબ્દનું પણ ડિવેલ્યુએશન કરી નાખતા હોઈએ છીએ. તે ન થાય એટલા ખાતર આપણે સમજી લેવું જોઈએ. દક્ષિણ આફ્રિકામાં ૧૯૦૬માં સત્યાગ્રહની શરૂઆત થઈ - આમ તો એનાં બી ૬ વર્ષ પહેલાં રોપાઈ ચૂક્યાં હતાં, પણ ૧૯૦૬માં પહેલીવાર શબ્દનો ઉપયોગ કર્યો - ત્યારપછી ઈન્ડિયન ઓપિનીયનમાં તેમણે સમજાવ્યું હતું કે સત્યાગ્રહ એટલે શું ? સત્યાગ્રહ માટેના ત્રણ પર્યાયવાચી શબ્દો એમણે વાપર્યા હતા, અંગ્રેજીમાં પણ લખ્યું હતું અને ગુજરાતીમાં પણ લખ્યું હતું : એ ટ્રુથ ફોર્સ, લવ ફોર્સ, સોલ ફોર્સ. સત્યાગ્રહ એ સત્યની શક્તિ, પ્રેમની શક્તિ અને આત્માની શક્તિ છે. આ ત્રણેત્રણ સત્યાગ્રહ જ છે. સત્યાગ્રહના અર્થમાં જ તેમણે આ શબ્દો વાપર્યા હતા.



જે સમગ્રમાં છે તે જ સત્યને પોતાના પીઠબળમાં રાખવું એ ટ્રુથફોર્સ, સત્યની શક્તિ, જે સમાજમાં ન્યાયની માગણીરૂપે પણ પ્રગટ થઈ શકે. સમત્વની જરૂરિયાત રૂપે પણ પ્રગટ થઈ શકે. પણ એ બધું ટ્રુથફોર્સની અંદર આવે. પ્રેમની શક્તિ, એટલી મૃદુ કે જળ જેવી. જળ શરીરનું સૌથી વધારે કોમળ અવયવ આંખ, એ આંખને ધોતાં પણ એને ઈજા ન પહોંચાડે એટલું મૃદુ તત્ત્વ એટલે જળ. અને એટલું પ્રબળ કે જે સુનામી પણ લાવી શકે. આ પ્રેમની તાકાત, મૃદુમાં મૃદુ અને પ્રબળમાં પ્રબળ.

સાવ નાનપણમાં આ મૂળ બીજરૂપે દેખાયેલું. પૂતળીબાઈએ કીધું હતું કે તને બીજાં છોકરાં મારે છે તો તું એમને કેમ મારતો નથી, ત્યારે બોલ્યા હતા : 'હું એમના જેવો શું કામ થાઉં ?' માણસ જ્યારે સામા માણસનું શસ્ત્ર વાપરે છે ત્યારે તે પોતાની જાતને એની કક્ષામાં મૂકી દે છે. આ એમની સમજ, જેમાંથી પ્રેમની શક્તિ વિકસી.

150 ગાંધીયાત્રા

અને આત્માની શક્તિ ? એમના પિતાએ એમના કન્ફેશનનો કાગળ વાંચ્યો, પણ કંઈ બોલ્યા નહીં, ચિઠ્ઠી ફાડીને ટૂકડા કરી નાંખ્યા પણ કંઈ બોલ્યા નહીં. પરંતુ, એ મૌન ગાંધીજીના હૃદયસોંસરવું ઊતરી ગયું. અને એમણે પણ એ જ કર્યું ને ? હું વેદના અનુભવું ને એ તને પણ સ્પર્શે.

આમ, સત્યની શક્તિ, પ્રેમની શક્તિ અને આત્માની શક્તિનો સમન્વય એટલે સત્યાગ્રહ. આ ગાંધીનું દર્શન. આ રીતે એમણે સત્યાગ્રહની શક્તિને જોઈ, જે સૌમ્ય પણ છે અને પ્રચંડ પણ છે.

ગઈકાલની વાર્તામાં કલકત્તામાં ડાયરેક્ટ એક્શનની વાત સુધી આવ્યા હતા. અને એ સીધા પગલાને નામે જે હિંસા થઈ એમાં એક કોમ કરતાં બીજી કોમના ઘણા વધારે લોકો મર્યા અને એ લોકોએ એક પોકાર કર્યો, કોલકતાર પ્રતિશોધ ચાઈ. કલકત્તા કા બદલા લેના હોગા. આ બદલો લેવો એ બદલો લેવો એ પ્રત્યાઘાત છે પણ એ એવો પ્રત્યાઘાત છે જે ઉત્તરોત્તર વધતો જ જતો હોય છે, એટલે આણે આનો બદલો લીધો તો એને એમ થાય કે એના કરતાં થોડો વધારે લઉં. બીજાને એના કરતાં વધુ લેવાનું મન થાય. અને એ વધતા પ્રત્યાઘાતે જ ૧૯૪૬થી લઈને ૧૯૪૭ના અંત સુધીમાં સમગ્ર ઉત્તર ભારતને દાવાનળ લગાડી દીધો. અને કલકત્તામાં જે ભૂલ થઈ હતી તે ફરી ન થવી જોઈએ એમ સમજીને હવે એવી જગ્યાએ હિંસાને આપણે કેન્દ્રીત કરવી કે જ્યાં બહુમતી આપણી હોય. એટલે એ કેન્દ્ર થયું નોઆખલી. અત્યારે જે બાંગ્લાદેશ છે તે વખતે એ હજુ પૂર્વ પાકિસ્તાન પણ નહોતું થયું, બંગાળનો જ એક ભાગ હતો એ બંગાળમાંથી એક બાજુથી ગંગાજી વહે છે અને ઉત્તરથી દક્ષિણ તરફ બ્રહ્મપુત્રા આવે છે અને બેયના સંગમ પછી જે નદી આગળ વધે છે એને ત્યાં આગળ પદ્મા કહેવામાં આવે છે. અને એ પદ્મા નદી ગુજરાતના લોકોને તો કલ્પના ના આવી શકે કે કેટલીક જગ્યાએ એનો પટ ૨૦ માઈલ પહોળો છે. પહોળાઈ ૨૦ માઈલ છે. ને જ્યારે શરદ ઋતુમાં પૂરેપૂરી ભરેલી હોય ને આપણે આગબોટમાં ઉપરને માળે ચઢીને જોઈએ તો બહુ નજર તાણવાથી દૂરના તટની ઉપરનાં વૃક્ષોની ટોચ દેખાય. નહીં તો વચ્ચે વચ્ચે ક્યાંક રેતીના બેટ આવે, ચર ત્યાંના લોકો કહે છે. એ ચરમાં કૂડીબંધ મગરમચ્છો તડકો ખાતા પડ્યા હોય. આ પદ્મા નદી ઉપરથી ગાંધીજીનું જહાજ જાય છે. કારણ કે ગાંધીજીએ વિચાર કર્યો કે નોઆખલી પહોંચવું જોઈએ. અને ચાંગપુરમાં ઊતરે છે. હજુ નોઆખલી જિલ્લામાં પ્રવેશ કરતાં તો થોડો વખત જવાનોછે. પણ ત્યાં આગળ માર ખાઈને, બીને, લૂંટાઈ જઈને જુદા જૂદા કારણોસર નોઆખલીના લોકો આવેલા ને શરણાર્થીઓની કેમ્પ હતી. શરૂઆતમાં જ ગાંધીજીને બે પ્રતિનિધિ મંડળો મળ્યાં. અને પહેલા મંડળે એવી વાત કરી ૧૯૪૬ની વાત કરું છું હોં. ૨૦૦૨ની વાત નથી કરતો. ૧૯૪૬ની વાત કરું છું, એમણે એમ કહ્યું અમારે ત્યાં કંઈ હિંસા થઈ જ નથી, છાપાવાળોએ આ વાત વધારીને કહી છે. ગાંધીજીએ માત્ર એટલું જ પૂછ્યું, આ શરણાર્થીઓની કેમ્પમાં ૫૦ હજાર લોકો ભેગા થયા છે તો એમને ઘર, પરિવાર, ઢોરઢાંખર, જમીન નહોતી વ્હાલી ? એનો જવાબ નહોતો એટલે બીજો જવાબ એ આપ્યો કે અમે તો કહીએ છીએ કે ચાલો પાછા, તમને અમે વસાવીએ. પણ એમને અમારી પર વિશ્વાસ નથી આવતો એટલે નથી આવતો. આ શબ્દો આપણને પરિચિત લાગે છે. ગાંધીજીએ એટલું જ કહ્યું, 'એમને વિશ્વાસ નથી, પણ મને છે. એટલે હું તમારી સાથે આવીશ. તમારા ગામ સુધી આવીશ, તમારા ઘર સુધી આવીશ અને તમારી સાથે રહીશ. એટલે હું તમારી વચ્ચે આવવાનો છું.'

બીજું પ્રતિનિધિમંડળ જે એમને મળ્યું તેણે પણ એવી જ વાત કરી જે આપણને જાણીતી હોય એવી લાગે. 'આપ જેવા માણસ અહીં આવ્યા છો તો એટલું કરોને કે આ લશ્કર અને પોલીસ ફોર્સમાંથી એક જાતિના અધિકારીઓની બદલી કરાવીને બીજી જાતિઓના અધિકારીઓને મૂકાવી દોને. કારણ કે આ અધિકારીઓ અહીં રહે એમાં અમારી સુરક્ષા નથી. ગાંધીજીએ કહ્યું, શું આ તમારો કોમવાદ નથી ? કોમ મુજબ લશ્કરને પોલીસને ગોઠવવા માંગતા હોવ તો. મારો તો પ્રયત્ન એ થવાનો છે કે જેમાં પોલીસ અને લશ્કરની જરૂરિયાત જ ન રહે એવા સંબંધથી તમે રહી શકો. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ

## વિચાર વર્તુળના ઉપક્રમે આજે ગાંધીનગરમાં મણિલાલ હ પટેલનું વક્તવ્ય

ગાંધીનગર, તા. ૧૫

વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળના ઉપક્રમે પ્રકૃતિ શિક્ષણ અંગે સાહિત્યકાર મણિલાલ હ પટેલના વક્તવ્યનું આયોજન રવિવારે ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં મનોજ કોરડીયાએ જણાવ્યું છે કે 'પ્રકૃતિમાં શિક્ષણ અને પ્રકૃતિનું શિક્ષણ' વિષયે ખ્યાત સાહિત્યકાર મણિલાલ હ. પટેલનું વક્તવ્ય તા. ૧૬ ડિસેમ્બર ને રવિવારના રોજ સવારે ૯.૩૦થી ૧૧ દરમિયાન સીઆર-૪, એસ કે પટેલ એમબીએ કૉલેજ, ગેટ નં. ૨, કડી કેમ્પસ, સૅક્ટર-૨૩, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું છે. આ વક્તવ્યનો લાભ લેવા તેમણે સૌ રસજ્ઞો, પ્રકૃતિપ્રેમીઓને આમંત્રણ પાઠવ્યું છે.

## મહાત્મા ગાંધી વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ વ્યાવસાયિક માર્ગદર્શન કાર્યક્રમમાં જોડાયા

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત બીબીએ કૉલેજ, સૅક્ટર-૨૩ ખાતે ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે વ્યાવસાયિક માર્ગદર્શન અને મૅનેજમૅન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬, ગાંધીનગરના ધોરણ-૧૧, ૧૨ના આર્ટ્સ અને કૉમર્સ પ્રવાહના ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ આ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ સાથે શિક્ષક મીનાબેન ધ્રાંધા, નિમાબેન રબારી અને અફરોજબેન મનસુરી પઠાણ પણ જોડાયાં હતાં.

## એસ. વી. પ્રિ-સ્કૂલનાં શિક્ષકો TSPL વર્કશોપમાં જોડાયાં



ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી. પ્રી-સ્કૂલના ત્રણ શિક્ષકો સંજુ પટેલ, ભાવિકા ઠાકર અને ખુશ્બુ મિસ્ત્રીએ અમદાવાદ મેનેજમેન્ટ અસોશિએશન ખાતે, ઓક્ષફર્ડ યુનિવર્સિટિ પ્રેસ દ્વારા આયોજિત TSLP વર્કશોપમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. આ વર્કશોપમાં બાળકોને રસપ્રદ શૈલીમાં,અવનવા હાવભાવ સાથે, વિવિધ પ્રકારની બોડી લેંગ્વેજ અને મટિરિયલનો ઉપયોગ કરીને વધુ સારી રીતે સ્ટોરી કહેવાની તાલીમ આપી, શિક્ષકોને વિવિધ રમતો પણ રમાડવામાં આવી હતી. બાળકો રોજિંદી ઘટમાળ અને આજના યુગના તણાવપૂર્ણ વાતાવરણમાંથી બહાર આવે, તેમને જ્ઞાન સાથે ગમ્મત મળે, તેમની કલ્પના શક્તિ ખીલે તે હેતુને સિદ્ધ કરવા માટે આ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયું




બાળકોની ચિત્રકળાનો વિકાસ થાય અને તેમની સર્જનશક્તિ વિકસે તે શુભાશયથી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કેજીથી ધોરણ-૯ સુધીમાં અભ્યાસ કરતા ૩૨૫ વિદ્યાર્થીઓએ આ ચિત્રસ્પર્ધામાં ઉત્સાહથી ભાગ લીધો હતો. ધોરણદીઠ વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

## એસ. જી. ઈંગ્લિશ સ્કૂલનાં શિક્ષકો 'ઈ-વેસ્ટ' વર્કશોપમાં



શુક્રવારે અમદાવાદમાં સ્તિત ડીએવી પબ્લિક શાળામાં યોજાયેલ ઈ-વેસ્ટ કંડકટ બાય કરો સંભવ વર્કશોપમાં એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલનાં શિક્ષક અદિતિબેન અને જાસનાબેને હાજરી આપી હતી અને ઈ-વેસ્ટ વિષયે પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન પણ રજૂ કર્યું હતું.

### સ્ટેટ ચેસ ચેમ્પિયનશીપ માટે

## અમદાવાદ ડિસ્ટ્રીક્ટની ચેસ સ્પર્ધા આજે ખાનપુર રાયફલ ક્લબમાં

### પ્રથમ રાઉન્ડ સવારે ૯ કલાકે શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૫

સ્ટેટ ચેસ ચેમ્પિયનશીપ માટે અમદાવાદ ડિસ્ટ્રીક્ટની ચેસ સ્પર્ધા રવિવારે ખાનપુર ખાતે યોજવામાં આવી છે.

આ અંગેની વિગતો આપતાં ભાવેશ પટેલે જણાવ્યું છે કે સ્ટેટ ચેસ ચેમ્પિયનશીપ-૨૦૧૯ હેતુ ખેલાડીઓનાં સિલેકશન માટે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ અન્ડર-૧૩ (ઓપન અને ગર્લ્સ) ટુર્નામેન્ટ રવિવાર, તા. ૧૬ ડિસેમ્બરના રોજ રાઈફલ ક્લબ, ભવન્સ કૉલેજ પાસે, ખાનપુર, અમદાવાદ ખાતે યોજવામાં આવી છે.

ચેસ ન્યૂ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ એસોસિએશનના નેજા હેઠળ તીર્થ ચેસ ક્લબ દ્વારા આ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે. આ ટુર્નામેન્ટ ફક્ત અમદાવાદના ખેલાડીઓ માટે જ છે. પ્રથમ રાઉન્ડ સવારે ૯ કલાકે શરૂ થશે. ટુર્નામેન્ટમાં પ્રથમ બે ક્રમે વિજેતા ખેલાડીઓ સ્ટેટ ટુર્નામૅન્ટમાં અમદાવાદ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે, એમ તેમણે આ માહિતી આપતાં વધુમાં જણાવ્યું છે.

### શૂન્ય પાલનપુરીના ૯૭મા જન્મદિન નિમિત્તે

## બુધવારે અમદાવાદ ખાતે સાહિત્યિક વ્યાખ્યાન યોજાશે

### શૂન્યની કાવ્યસૃષ્ટિ અંગે જાણીતા કવિ રઈશ મનીઆર વક્તવ્ય આપશે

ગાંધીનગર, તા. ૧૫

ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે શૂન્ય પાલનપુરીના જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ઓમ કૉમ્યુનિકેશનના મેનેજિંગ ટ્રસ્ટી મનિષ પાઠક દ્વારા જણાવવામાં આવ્યું છે કે તા. ૧૯ ડિસેમ્બર ને બુધવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે આત્મા હૉલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ અલીખાન ઉસમાનખાન બલુચ - શૂન્ય પાલનપુરીના ૯૭મા જન્મદિન પ્રસંગે સાહિત્યિક વ્યાખ્યાન 'સાત રંગનું સરનામું' યોજવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા પ્રાસંગિક ભૂમિકા રજૂકરશે. શૂન્ય પાલનપુરીના જીવન વિશે તેમના પુત્ર તસનીમખાન બલુચ અને તેમની શૂન્યની કાવ્યસૃષ્ટિ અંગે જાણીતા કવિ રઈશ મનીઆર વક્તવ્ય આપશે. ભાષાપ્રેમી અને સાહિત્યરસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી, એમ વધુમાં જણાવી તેમણે સૌને આ કાર્યક્રમ માણવા માટે પધારવા આમંત્રણ પાઠવ્યું છે.

### સત્પ્રેરણા ટ્રસ્ટ દ્વારા ગીતા જયંતી નિમિતે 'શ્રીમદ ભાગવત ગીતા'નું આયોજન

# ૪ હજારથી વધુ વિદ્યાર્થીઓએ એકસાથે શ્રીમદ ભાગવત ગીતાનું પઠન કર્યું

ગાંધીનગર, તા. ૧૫

૧૯ ડીસેમ્બર ૨૦૧૮ ના રોજ ગીતા જયંતી છે, તે અંતર્ગત પ્રેરણા મૂર્તિ ભારતીશ્રીજીની ઉપસ્થિતિમાં, તેમના પવન માર્ગદર્શન દ્વારા સત્પ્રેરણા ટ્રસ્ટ દ્વારા શનિવારે સૅક્ટર-૨૨ રંગમંચ ખાતે સવારે ૮ કલાક થી 'ગીતા પ્રેરણા મહોત્સવ''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ એકસાથે શ્રીમદ ભાગવત ગીતાનું પઠન કર્યું હતું. સત્પ્રેરણા ટ્રસ્ટ આ માટે 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ'માં સ્થાન માટે પ્રયત્ન કરાયો છે.





ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ ગીતા પ્રેરણા મહોત્સવ ના આ ભવ્ય આયોજન માટે સતપ્રેરણા ટ્રસ્ટની ખુબ-ખુબ પ્રશંસા કરી શુભકામના સાથે શુભેચ્છા સંદેશ પત્ર દ્વારા પાઠવી તેમની હૃદયની ભાવના વ્યક્ત કરી છે. ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરના શિક્ષણ અધિકારી દ્વારા સરકારી સ્કૂલોમાં ભગવદ્ ગીતાના પંદરમા અધ્યાયનું પઠન લગભગ ૧૦૫ સ્કુલોમાં ગોઠવવાની મંજૂરી આપવામાં આવી છે. આ દૈવી કાર્ય માં ૧૯ ડીસેમ્બર ૨૦૧૮ શ્રીમદ ભગવદ્ ગીતા જયંતી નિમિત્ત બધી જ સરકારી સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ગીતાજીનો પાઠ કરાવવામાં આવશે તથા ગીતા જ્ઞાનનો સંદેશ આપવામાં આવશે.

આ માટે જ સત્પ્રેરણા ટ્રસ્ટ દ્વારા 'ગીતા જયંતી'નું આયોજન કરવામાં આવ્યું છે. સત્પ્રેરણા ટ્રસ્ટ 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ ૨૦૧૪'માં વિજેતા છે. ગીતા જયંતીના દિવસને હરિયાણા સરકાર દ્વારા 'રાજ્ય દિવસ' ઘોષિત કરવામાં આવ્યો છે. દેશભરના વિવિધ ક્ષેત્રો ગુજરાત ના અમદાવાદ, ગાંધીનગર, ઊંઝા, પાટણ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, મોલેઠા વગેરે રાજસ્થાન ના કોટા, ઉદયપુર, સાગવાડા, કાંકરોલી વગેરે મહારાષ્ટ્ર ના મુંબઈ, પુના, થાના, ઉલ્હાસનગર, કલ્યાણ વગેરે તથા જમશેદપુર, રાયપુર,કાનપુર, દિલ્લી, ગુડગાવ, ચંડીગઢ, કુરુક્ષેત્ર, સોલન, હિમાચલ વગેરે ક્ષેત્ર માં ખુબ જ ઉત્સાહ થી ગીતાજી ના શ્લોકો નું ઉચ્ચારણ કરાવી ગીતા જયંતી મનાવવામાં આવે છે.